R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-24 • ISSUE: 18 DATE: 02-05-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## કેન્દ્ર સરકારે ૮૯૭૫ એનજીઓની માન્યતા રદ કરી

કેન્દ્ર સરકારે ૮૯૭૫ એનજીઓના લાયસંસ રદ કરી દીધા છે.વર્ષ ૨૦૦૯-૧૨ના સમય ગાળાનું વાર્ષિક રિર્ટન ફાઈલ કરવામાં આ એનજીઓ નિષ્ફળ રહી હતી.તેના કારણે સરકારે તેમના લાયસંસ રદ કર્યા હતા.ગૃહમંત્રાલયે આ એનજીઓને નોટીસ પાઠવી હતી અને એક મહિનામાં વાર્ષિક રિર્ટન ફાઈલ કરવા કહ્યું હતું.એનજીઓ પાસેથી સરકારે વિદેશી ફંડ,ફંડનો હેતું, આવકના અન્ય માધ્યમની જાણકારી માંગી હતી.જોકે માત્ર ૨૨૯ એનજીઓએ જ સરકારની નોટિસનો જવાબ આપ્યો હતો.તેથી સરકારે બાકીની એનજીઓના લાયસંસ રદ કરી દીધા હતા.

## આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટનો વડો અબુ બક અલ-બગદાદી અમેરિકી હુમલામાં માર્યો ગયો હોવાના સમાચારોને ઇરાન રેડીયોનો દાવો

ગત અઠવાડિયે ગાર્ડીયન સમાચાર પત્રે દાવો કર્યો હતો કે પોતાની જાતને ખલીફા જાહેર કરનારા ઈસ્લામીક સ્ટેટ સંગઠનના મુખિયાનું અમેરિકાના એક હવાઈ હુમલામાં મોત નિપજ્યું હતું.વિવિધ સમાચારો મળી રહ્યા છે કે અબુ બક અલ-બગદાદીનું મોત થયું છે.તેના મોતના સમાચાર અંગે ઈરાન રેડિયોએ દાવો કર્યો હતો.ઓલ ઈન્ડીયા રેડીયો તરફથી ટ્વીટ કરાયેલ સમાચારો મુજબ ઈરાન રેડિયોના સમાચારને પુષ્ઠી આપી હતી.

૪૪ વર્ષીય અબુ બક અલ- બગદાદીએ પોતાની જાતને ખલીફા ઘોષિત કર્યો હતો.અમેરિકા દ્વારા હાલમાં ઈસ્લામીક સંગઠનના ઠિકાનાઓ પર હવાઈ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આવા એક હવાઈ હુમલામાં તે ગંભીર રીતે ધાયલ થયો હતો તેના કારણે તેનું મૃત્યુ નિપજ્યું છે તેવું અનુમાન કરાઈ રહ્યુ છે. જો કે અમેરિકન સંરક્ષણ સંસ્થા પેન્ટાગોને તેની કોઈ પુષ્ઠી કરી નથી.જો કે એક પશ્ચિમી ડિપ્લોમેટે અને ઈરાકી સલાહકારે અલગ અલગ આપેલા નિવદેનમાં બગદાદીના ધાયલ થવા અંગેના સમાચારોની પુષ્ઠી કરાઈ હતી.જો કે તે ધાયલ થયા બાદ સંગઠન પર નિયંત્રણ રાખી શકતો નહોતો.

ગાર્ડીયનના સમાચારો મુજબ બગદાદીના ધાયલ થયા બાદ આઈએસઆઈએસના સભ્યોએ એક તાત્કાલિક બેઠક બોલાવી હતી. તેમને લાગ્યું હતું કે તેમના સરદારનું મોત થઈ જશે માટે તેમણે નવા વડા ચુંટવાનું નક્કી કર્યું હતું.ઈરાકી અધિકારી હિશમ-અલ-હાશમીએ ગાર્ડીયનને જણાવ્યું હતું કે ૧૮માર્ચના રોજ અલ-બાજ નજીક ઉમ્મ અલ રોઉસ ગામમાં એક હુમલામાં બગદાદી ધાયલ થઈ ગયો હતો.આ સમયે આતંકી સંગઠનના અન્ય નેતાઓ તેમની સાથે હતા.ઉલ્લેખનીય છે કે ગત વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં બગદાદી હવાઈ હુમલામાં ધાયલ થયાના અને માર્યો ગયો હોવાના સમાચારો આવ્યા હતા, જો કે તેની પણ કોઈ પુષ્ઠી થઈ શકી નહોતી.જો કે આ દાવો સાચો હોય તો વિશ્વના સૌથી મોટા ખતરનાક સંગઠનને મોટો ફટકો લાગી શકે છે.

## પેટ્રોલ -ડિઝલના ભાવમાં કમરતોડ ભાવ વધારો

પેટ્રોલ - ડિઝલના ભાવોમાં અચ્છે દિન લાનેકે સપને દેને વાલી મોદીજીની સરકારે ફયુલના ભાવોમા તોતીંગ વધારો ઝીંકી દીધો હતો. પેટ્રોલમા ૪.૧૦ અને ડીઝલમાં ૨.૪૫ પ્રતિ લીટરે ભાવ વધારો કરવામાં આવ્યો છે. પરિણામે જીવન જરુરીયાતની ચીજોના ભાવોમાં વધારો થશે. અને ગરીબ તેમજ મધ્યમવર્ગને ફરીથી બે છેડા ભેગા કરવાનું દોયલુ બનશે.અચ્છે દિનના સપના દેખાડનાર સરકારને ખોબલે ખોબલે મત આપનાર મતદાતાને એક વર્ષમાં બેહાલ કરી મુક્યો છે તેવી લાગણી સમસ્ત પ્રજામાં વ્યાપી ગઈ છે.

## નેપાળમાં આવેલ વિનાશક ભુકંપની શક્તિ ૨૦ પરમાણુ બોંબ જેટલી વિનાશક હતી.મૃતાંકનો આંક વધતો રહ્યો છે



પાડોશી રાજ્ય નેપાળમાં આવેલ ભુકંપે સમગ્ર નેપાળમાં તબાહી મચાવી મુકી છે.ભુસ્તરશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ નેપાળ પર ત્રાટકેલા ૭.૯ની તીવ્રતાના ભુંકંપની શક્તિ ૨૦ પરમાણું બોંબ જેટલી હતી.બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર ઝીંકાયેલા પરમાણું બોંબ કરતાં ભુકંપની શક્તિ અનેકગણી હતી.નેપાળમાં ટનબંધ કાટમાળ નીચે ફસાયેલા જીવિત લોકોને બચાવવા માટે ઘણા દેશોના સ્નિફર ડોગ અને બચાવ ટુકડીઓ એડીચોડીનું જોર લગાવી રહી છે. ભારતના ડીઝાસ્ટર રીલીફ ફોર્સના ૭૦૦ થી વધુ જવાનો આ કાર્યમાં મદદ કરી રહ્યા છે.પરંતુ બચાવ માટે પુરતા પ્રમાણમાં તે પુરતાં નથી.ભારતીય વાયુસેનાના વિમાનો,સેનાના હેલીકોપ્ટરો અને ટેકનિકલ વિંગ નેપાળને રાહત અને બચાવકાર્યમાં મદદ કરી રહ્યા છે. નેપાળે રાહત અને બચાવ કામગીરી માટે તેની આખી સેનાને સડકો પર ઉતારી દીધી છે.

નેપાળના વિસ્તારોને બાદ કરતાં બિહારના કેટલાક વિસ્તારોમાં અને પશ્ચિમ બંગાળમાં ધરતીકંપના આંચકા આવ્યા હતા. નેપાળમાં પ્રવાસે ગયેલા ૪૦ હજારથી વધુ ભારતીયો તેમને પાછા ફરવા માટે સરકારી મદદની રાહ જોઈ રહ્યા છે.કાઠમાંડુમાં ફસાયેલ લોકો માટે ખોરાક પાણીની અછત છે અને ખુલ્લા આકાશ નીચે,ઠંડી અને વરસાદનો સામનો કરી રહ્યા છે.વિજળી અને પાણીની અછતે લોકો માટે જીવન વધુ તકલીફો વાળું બનાવ્યું છે.નેપાળમાં ૬૬ લાખ લોકો ધરતીકંપથી પ્રભાવિત થયા છે.જેમાં ૧૦ લાખ બાળકોનો સમાવેશ થાય છે.ભુકંપ ગ્રસ્ત નેપાળમાંથી વહેલી તકે ભારત પાછા ફરવા માંગતા ભારતીય પ્રવાસીઓ પોતાને વહેલી સવગડ મળે માટે અંદરો અંદર લડી રહ્યા છે.

નેપાળના વિનાશક ભુકંપમાં થયેલા માનવીય અને સાંસ્કૃતિક નુકશાનનો કોઈ અંદાજ નથી. અને તે સદીઓ સુધી ભરપાઈ કરી શકાય તેમ નથી.પરંતુ ભુકંપથી ધ્વંશ થઈ ગયેલા ઐતિહાસિક ટાવર પાસે સેલ્ફી પડાવવાનો લોકોને રસ લાગ્યો છે.ભુકંપે નવ માળના ટાવરને જમીનદોસ્ત કરી દીધો છે.૧૮મી સદીમાં નેપાળના શાસકો દ્વારા બાંધવામાં આવેલો આ ટાવર દેશના સૌથી સંચયિત સ્મારક હતો.નેપાળને ફરી બેઠું થતા ખાસ્સો એવો સમય જોઈશે.નેપાળનો ભવ્ય વારસો અને ટુરીઝમ ભુકંપમાં નષ્ટ થઈ ગયા છે.પશુપતિનાથ મંદિર સુરક્ષિત છે.પરંતુ તે સિવાયના મોટાભાગના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો ધ્વંશ થઈ ગયો છે.નેપાળમાં દર વર્ષે ૧૦ લાખ જેટલા પ્રવાસીઓ આવે છે અને જેના કારણે પર્યટન ઉદ્યોગ ૪૦૦ કરોડ રુપીયાનો બિઝનેસ કરે છે.ભારતીય પ્રવાસીઓની મોટી સંખ્યા ત્યાં ઉમટે છે.૧૫-૧૭મી સદીની ઈમારતો પણ બચી નથી.

## જજની નિમણુંક અંગેની પેનલમાં જોડાવા ચીફ જસ્ટીસનો ઇન્કાર

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુએ નેશનલ જ્યુડીસીયલ એપોઈન્મેન્ટ કમિશનમાં બે જાણીતી હસ્તીઓની પસંદગી કરવા માટે ત્રણ સભ્યોની પેનલમાં સામેલ થવાનો ઈન્કાર કરી દીધો હતો.તેથી મામલો ગુંચવાયો છે.સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણુંક કરવા માટે એનજેએસીની રચના કરવામાં આવી છે. બંધારણીય બેન્ચ એનજેએસીની બંધારણીય કાયદેસરતાને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી છે.

તેથી જ્યાં સુધી સુપ્રીમ કોર્ટમા સુનાવણી પુરી ના થાય ત્યાં સુધી તેઓ પેનલમાં જોડાઈ શકે નહી.તેવો મુદ્દો ઉભો કરીને તેમણે ઈન્કાર કર્યો છે.ત્રણ સભ્યોની પેનલમાં ચીફ જસ્ટીસ,વડાપ્રધાન અને વિરોધ પક્ષના નેતા છે. જે છ સભ્યોના એનજેએસીમાં બે જાણીતી હસ્તીઓની પસંદગી કરશે. બંધારણીય બેન્ચે વિવિધ સિનીયર વકીલોના મંતવ્યો સાંભળ્યા હતા જેમણે કહ્યું હતું કે નજીકના દિવસોમં હાઈકોર્ટના અનેક એડિશનલ જજની ખાલી જગ્યા પડી રહી છે તેની નિમણુંક કરવી પડશે.હવે ચીફ જસ્ટીસ સુનાવણી પુરી થયા બાદ પેનલમાં જોડાશે તેવું લાગે છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

હજુ તો દિલ્હીમાં નિર્ભયા પર ચાલુ બસે બળાત્કાર ગુજારીને ક્રુરતાથી રહેસી નાખીને નીચે ફેકી દેવાનુ કૃત્ય મગજમાં કમકમાટી ઉપજાવે છે ત્યારે પંજાબમાં ચાલુ બસે છેડતીનો વિરોધ કરી રહેલ મા-દીકરીને બસમાંથી ફેકી દેવાતા દિકરીનું મોત નિપજ્યું છે.અને માતા ગંભીર રીતે ઘાયલ છે.સૌથી અગત્યની બાબત એ છે કે જેમને આખા પંજાબની સલામતી અને રક્ષણ પુરુ પાડવાની જવાબદારી છે તેવા મુખ્યમંત્રીશ્રી બાદલ પરિવારની માલિકીની આ બસ છે.આ જ પરિવારના હરસિમરતકૌર બાદલ કેન્દ્ર સરકારમાં પ્રધાન છે. બાદલ પરિવાર પંજાબમાં રાજકીય રીતે મજબુત છે.પરંતુ શાસક તરીકે સહુ પ્રથમ તેમણે લોકોની સલામતી અને રક્ષણ કરવાની ફરજ બને છે.

દિલ્હીના નિર્ભયાકાંડે આખા દેશમાં પ્રચંડ આક્રોસ જગાડ્યો હતો.ત્યારબાદ નવા કાયદાઓ પણ આવ્યા કે જેથી આવી ઘટનાઓ બનતી અટકાવી શકાય પરંતુ આવી ઘટનાઓ વારંવાર બનતી જ રહી છે અને નિર્દોષ બાળકીઓ ,યુવતી ઓ,અને મહિલાઓ બળાત્કારનો ભોગ બનતી રહે છે. છેલ્લે પશ્ચિમ બંગાળમાં એક ૭૦ વર્ષીય વૃધ્ધ ખ્રિસ્તી સાધ્વીને પણ બળાત્કારનો ભોગ બનાવવામાં આવી હતી.

સમાજમાં સડો પેઠો છે.સમાજશાસ્ત્રીઓએ આગળ આવીને ઝુંબેશ ચલાવવાની જરુરીયાત છે. માત્ર કાયદાઓ દ્વારા પરિવર્તન આવી શકશે નહી કારણકે કાયદાના નિષ્ણાંતો દ્વારા બળાત્કારીઓ નિર્દોષ છુટી જાય છે.

## કૃષિપ્રધાન દેશની કમનસીબીએ છે કે રોજ બરોજ ખેડુતોને આપઘાત કરવા પડે છે અને સત્તાધીશો રાજકારણ રમે છે

વિવાદાસ્પદ જમીનસંપાદન વટહુકમના વિરોધમાં દિલ્હીના જંતરમંતર ખાતે આમ આદમી દ્વારા યોજાયેલ ખેડુતો માટેની રેલીમાં જ રાજસ્થાનના દૌસા જિલ્લાના નાંગલ ગામના ૪૫ વર્ષીય ખેડુતે હજારો લોકોની ભીડ વચ્ચે વૃક્ષ પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.ખેડુતોની દેશમાં જે દુર્દશા છે તેનો આથી વધારે જીવતો જાગતો દાખલો આ છે.ગજેન્દ્રસીહ નામના રાજસ્થાની ખેડુતો હજારો લોકોની વચ્ચે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી. સરકાર અને રાજકીય પક્ષો હજુ મોતનો મલાજો ભુલીને રાજકારણ રમવામાં પડી ગયા છે.સરકારને કાવતરાની ગંધ આવે છે.એક ખેડુતના જાનની કોઈ કિંમત નથી. માત્ર રાજકારણીઓ મગરના આંસુ પાડીને પોતાના રોટલા શેકવા મહેનત કરી રહ્યા છે.મરનાર ખેડુત પાસેથી મળી આવેલ એક ચિઠ્ઠીમાં લખ્યુ હતું કે હું રાજસ્થાન દૌસા જિલ્લાનો ખેડુત છું. કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં મારા પિતાએ મને મારા ત્રણ સંતાનો સહિત ઘરમાંથી હાંકી કાઢ્યો હતો.જય જવાન, જય કિસાન.

જો કે હવામાન ખાતાના સમાચારો જણાવે છે કે માર્ચ -એપ્રિલ મહિનામાં ખેડુતોએ કમોસમી વરસાદનો માર સહન કરવો પડશે.ભારત સહિત સમગ્ર દક્ષીણ એશિયામાં આ વખતે સતત બીજા વર્ષે પણ વરસાદ સામાન્યથી ઓછો પડી શકે છે.આ આગાહી મુજબ દુષ્કાળની ભીતિ સેવાઈ રહી છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારોએ આ દિશામાં તાત્કાલિક પગલાં લેવા આવશ્યક છે.નહિતર હજારો લોકોની જીંદગી બદતર બની જશે અને ખેડુતોને આત્મહત્યા કરવા સિવાયનો વિકલ્પ રહેશે નહી. સરકારોએ આ વિકલ્પો પુરા પાડવાના છે.



### વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ગુજરાતના સૌથી મોટા પ્રાચીન ચર્ચની સ્થાપનાની ૧૭૫ વર્ષની ભવ્ય ઉજવણી કરાઇ



૫ એપ્રિલ,ઈ.સ.૧૮૪૦માં નિર્માણ પામેલા ગુજરાતના સૌથી પ્રાચીન એવા સુરતના સી.એન.આઈ ચર્ચની સ્થાપનાને ૧૭૫ વર્ષ પુરા થયા છે.તેની ઉજવણી ઈસ્ટર સન્ડેના તહેવારે કરવામાં આવી હતી. જેમાં સુરત અને દક્ષિણ ગુજરાતના સમગ્ર ખ્રિસ્તી સમાજે ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ ઐતિહાસિક ચર્ચની સ્થાપનાની ઉજવણી માટે સમસ્ત ખ્રિસ્તી સમાજને શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો.તેમજ રાષ્ટ્ર અને રાજ્યના વિકાસમા ખ્રિસ્તી સમાજની સેવાઓને બિરદાવી હતી..

સુરતના મુગલીસરા ખાતે તાપી નદીના કિનારે મધુર ગીતો,વાદ્યો અને સંગીતની સુરાવલીઓ વચ્ચે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે ચર્ચ સંકુલમાં નિર્માણ થયેલી અદ્યતન'' રેવ અલેકઝાન્ડર ફાઈવી એનેક્સી બિલ્ડીંગ''નું સમર્પણ તથા સ્મરણિકાનું વિમોચન ગુજરાત ડાયોસીસના બિશપ એમિસરી રેવ. ડો.હેમંત દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ઈસ્ટર સન્ડેના પર્વના સુયોગ થી આ ઉજવણીમાં ખ્રિસ્તી સમાજ ઉમટી પડ્યો હતો. આ પ્રસંગે ખ્રિસ્તી સમાજના ધર્મગરુઓ અને ધાર્મિક અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

## વડાપ્રધાન મોદી સાથે લઘુમતિ ખ્રિસ્તી નેતાઓની મુલાકાત

હિન્દુત્વ કટ્ટરવાદીઓ દ્વારા લઘુમતિ ખ્રિસ્તીઓ ઉપર થઈ રહેલ હુમલાઓ અને સરકાર દ્વારા કોઈ પગલાં ન લેવાતા હોવાની ફરિયાદ લઈને ખ્રિસ્તી લઘુમતિ નેતાઓ વડાપ્રધાન મોદીની મુલાકાત લીધી હતી.તાજેતરમાં વિદેશોનો પ્રવાસ પુરો કરીને પરત ફરેલા વડાપ્રધાને ખ્રિસ્તી સમુદાયના નેતાઓને મુલાકાત આપી હતી.આ ઉપરાંત લઘુમતિઓનો વિશ્વાસ જીતવા માટે અજમેરમાં ખ્વાજા મોઈનુદીન ચિશતીની દરગાહ પર વડાપ્રધાનના નામની ચાદર તેના સાથી મંત્રીએ ચઢાવી હતી.

વડાપ્રધાન સાથે લઘુમતિ ખ્રિસ્તી નેતાઓની મુલાકાત દરમિયાન આશ્વાસન આપવામાં આવ્યું હતું કે લઘુમતિઓએ કોઈપણ રીતે ગભરાવાની જરુર નથી.સરકાર બંધારણનું પાલન કરવા માટે વચનબધ્ધ છે. આ અગાઉ ગૃહમંત્રી રાજનાથસિંહે પણ આ નેતાઓને કોઈપણ પ્રકારની ભીતી નહીં રાખવાનુ જણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે હુમલો કાયદો વ્યવસ્થાની બાબત છે. ધાર્મિક નથી.



વડાપ્રધાન ઈન્ડીયા ઓર્થોડોક્સ ચર્ચના વડા બેસિલીયો માર્થોમા પોલોઝ દ્રીતીય અને અન્ય ચાર પ્રતિનિધિઓને મળ્યા હતા.ચર્ચના પ્રવક્તા દ્વારા જણાવાયું હતું કે વડાપ્રધાનનોમુડ સારો હતો. તેમણે અમારી સાથે ૩૦ મીનીટ સુધી વાતચીત કરી હતી.જો કે અત્યાર સુધીમાં વડાપ્રધાન અને ગૃહમંત્રીએ આપેલ ખાત્રી મુજબ બન્યું નથી. અને હુમલાઓ થતા રહ્યા છે.ખરેખર વડાપ્રધાન અને ગૃહપ્રધાન બંધારણીય અધિકારોનું પાલન કરવાની બાંહેધરી આપે છે પરંતુ તેનો અમલ થતો નથી. આ ઉપરાંત લઘુમતિઓને પોલીસ રક્ષણ પણ મળતું નથી. પોલીસ કટ્ટરવાદીઓની તરફેણ કરે છે કારણકે તેમના આકાઓ સત્તામાં છે.

મંદાકીનીમાં લગભગ ૨૫૦ કરોડ જેટલા તારાઓનો સમુહ આવેલો છે.અને આવી તો લગભગ ૧૦૦ લાખ જેટલી મંદાકીનીઓ બ્રહ્માંડમાં આવેલી હોવાનો અંદાજ છે.

મોસ્કોમાં આવેલી લેનીન લાઈબ્રેરી એ બે કરોડ પુસ્તક ધરાવે છે.એ આ લાઈબ્રેરી વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ૫૫ મો ગુજરાત ગૌરવ દિવસ

જન-જનની સુખાકારી એજ ગુજરાતનો સંકલ્પ
ગતિ એ ગુજરાતનો સ્વભાવ છે
ગતિ એ ગુજરાતનો ભાવ છે
ગતિ એજ રીતિ
ગતિ એજ નીતિ
ગતિથી ગુજરાતે દુનિયા જીતી

ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત
જય જય ગતિશીલ ગુજરાત

## સૌ ગુજરાતીજનોને
## ગુજરાત ગૌરવ દિવસના હાર્દિક અભિનંદન





શ્રી નરેન્દ્રભાઇ મોદી
માનનીય પ્રધાનમંત્રી

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

## રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લામાં

# ઉત્તર પ્રદેશના રાજ્યપાલશ્રીએ ફરીથી વિવાદીત નિવેદન આપ્યું

ઉત્તર પ્રદેશના રાજ્યપાલશ્રી રામ નાઇક એટા જિલ્લાના સેલઇ ગામમાં એક ધાર્મિક કાર્યક્રમમાં નિવેદન કર્યું હતું કે હિંદુસ્તાનના લોહીમાં રામનું ડીએનએ છે.તેમની સાથે ઉત્તર પ્રદેશના લોકાયુક્ત ન્યાયમુર્તિ એન.કે.મેહરોત્ર પણ હાજર હતા.રામ નાઇકનું આ નિવેદન ઘણું ચર્ચા સ્પદ બન્યું હતું.

ગત ડિસેમ્બર માસમાં પણ તેમણે એક નિવેદન કર્યું હતું જે પણ ચર્ચાસ્પદ બન્યું હતું. તેમાં તેઓએ અયોધ્યામાં રામ મંદિર બનવું જોઇએ તેવું નિવેદન કર્યું હતું.તેમણે એવું પણ કહ્યું હતું કે મારી ઇચ્છા છે કે જલ્દીમાં જલ્દી અયોધ્યામાં રામ મંદિર બને, અને તે ઇચ્છા પુરી થવી જોઇએ.

આ પહેલાં તેમણે અયોધ્યામાં જણાવ્યું હતું કે ભારતના દરેક નાગરિકના મનમાં એ સવાલ ઉઠે છે કે છેવટે રામમંદિર ક્યારે બનશે,ત્યારે તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બાબતમાં વિચારી રહ્યા છે.અને પાંચ વર્ષમાં રામમંદિરનો વિવાદ સર્વ સંમતિથી ઉકેલાય તેવી કોશિશ કરવામાં આવી રહી છે.

# ચાના પ્લાસ્ટિક કપ અને તમાકુ મસાલાના ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીક પર ૧લી મે થી અમદાવાદમાં પ્રતિબંધ

અમદાવાદ મ્યુનીસીપલ કોરપોરેશન દ્વારા ચોમાસાની સીઝનમાં સ્ટોર્મ વોટર લાઇન અને કેચપીટો પ્લાસ્ટીકના ચાના કપ અને તમાકુના મસાલામાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીકના કચરાને કારણે ભરાઇ જાય છે અને શહેરમાં ચોમાસામાં પાણીનો ઠેર ઠેર ભરાવો થઇ જાય છે. તેથી આવી પરિસ્થિતિનું નિવારણ લાવવાના ભાગ રુપે અમદાવાદ મ્યુની. કોરપો. ઉપરોકત પ્લાસ્ટીકની વપરાશમાં લેવાતી ચીજ વસ્તુઓ પર પ્રતિબંધ લાધ્યો છે.આ પહેલાં ૪૦ માઇક્રોનથી પાતળી પ્લાસ્ટીકની થેલીઓ પર પ્રતિબંધ મુકાયો હતો.પરંતુ હજુ સુધી તેનું વેચાણ ચાલુ છે.અમદાવાદીઓ તમાકુ મસાલાના બંધાણીઓ છે અને તેમને પ્લાસ્ટીકમાં તમાકુ-સોપારીવાળા મસાલા ખાવાની આદત છે તેથી આ પ્રતિબંધનો ખરેખર અમલ થશે કે કેમ તે કહી શકાય નહી.અમદાવાદીઓ કોઇપણ જાતના પ્રતિબંધને ઠોકરે મારવા માટે જાણીતા છે.

કચ્છ જીલ્લો ભારતનો સૌથી વધુ વિસ્તાર ધરાવતા જીલ્લો છે.
ગોવા ભારતનું સૌથી નાનું એટલે કે વિસ્તારની દષ્ટ્રિએ સૌથી ઓછો વિસ્તાર ધરાવતું રાજ્ય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


# ૨૦૦૨માં ગુજરાતમાં ફાટી નિકળેલા કોમી રમખાણો દરમ્યાન અસરગ્રસ્તો માટે ગુજરાતની ભાજપ સરકારે ઉભા કરેલા રાહત છાવણી(રીલીફ કેમ્પ) પૈકી એકનું વર્ણન અને તેના અનુભવો

( હર્ષ મંદર એક આઇ.એ.એસ.અધિકારી છે, તેમણે કોમી રમખાણો નજરે જોયાં અને હ્રદય દ્રવી ઊઠ્યું. તેમણે સરકારી નોકરી છોડી દીધી અને સમાજમાં જેમની સાથે ભેદભાવ રાખવામાં આવે છે, જેમને અન્યાયના ભોગ બનવું પડે છે તેવા માનવબંધુ-ભગીનીઓ માટે કામ કરવાનો સંકલ્પ કરી લીધો.તેમણે તાજેતરમાં એક પુસ્તક લખ્યું છે જેનું શીર્ષક છે ‘લુકીગ અવે ‘, એ પુસ્તકમાંથી અલ્પાંશ ....)

અસરગ્રસ્ત પ્રતિ થોડી કંઈક સહાનુભુતિ દર્શાવી શકું એ હેતુથી મે શાહે આલમ, અમદાવાદમાં સરકારે ઉભો કરેલ એર રાહત છાવણી (રીલીફ કેમ્પ)માં ૨૦૦૨માં ૧૦,૦૦૦ અસરગ્રસ્તો સાથે એક રાત ગાળી હતી જેનો અનુભવ મને જીંદગીભર યાદ રહેશે અને મને મૃત્યુ પર્યંત સતાવશો રહેશે. રાહત છાવણી(રીલીફ કેમ્પ) એક સ્મશાનમાં કબરોની વચ્ચે હતી જેમાં બહુ સાંકડી જગામાં ખીચોખીચ ૧૦,૦૦૦ અસરગ્રસ્તોને રાખવામાં (ભરવામાં) આવ્યા હતા.લોકોના મન રમખાણો દરમ્યાન જે યાતનાઓ વેઠી હતી તેની યાદદાસ્તો તો હજી તાજી હતી. રાહત છાવણી(રીલીફ કેમ્પ)માં વેઠવી પડતી યાતનાઓએ તેમાં ઉમેરો કર્યા કરતી ;દુધ પીવા માટે રડતું એક નાનું બાળક ; જનમતું એક બાળક; મદદ માટે કાલાવાલા કરતો એક બીમાર વૃધ્ધ ; દસ હજાર માટે બનાવેલાં માત્ર થોડાંક જ સંડાશ ; નવ દિવસોમાં ફક્ત એક જ વાર નહાવાનું , ગંદા સંડાશોમાંથી માથુ ફાટી જાય તેવી સતત આવતી દુર્ગંધ ; અને પુરતી જગ્યા ના હોવાને કારણે એકબીજાને ચોંટીને ગમે તે રીતે પણ રાહત(ત્રાસ) છાવણી(રીલીફ કેમ્પ)માં રહેતો માનવ મહેરામણ. પ્રાઈવસી બિલકુલ નહીં ; ભોજન લેવા માટે શરમ લાગે તેવી પડાપડી ; ખુલ્લામાં બાળકને જન્મ આપતી સગર્ભા મહિલાઓ ; બાળપણ ખોઈ બેઠેલ સંખ્યાબંધ બાળકો અને પારાવાર બીજી અસહ્ય યાતનાઓનો ઢગલો...રાહત છાવણી(રીલીફ કેમ્પ)માંથી આવ્યા બાદ એક મહીના સુધી રોગ લાગવાને કારણે મારુ પેટ ફુલેલું રહેતું હતું.

આ રાહત છાવણી(રીલીફ કેમ્પ)માં રહેતો એક યુવાન નામે મુસ્તાક અમારી સાથે શરણાર્થીઓને મદદ કરવા જોડાયો.તેણે મને એક દિવસ કહ્યું : “સાહેબ મારા કુટુંબમાં હું સૌથી નાના એટલે બધા મને વહાલ કરતાં ને રમાડતાં. રમખાણો ફાટી નીકળ્યા ને અમારા વિસ્તારમાં ખુનામરકી શરુ થઈ. રમખાણો ફેલાવનારાઓ નાના નાના બાળકો અને સ્ત્રીઓને જીવતાં સળગાવતાં હતા તે મે મારી સગી આંખોએ જોયું. તેઓ ઘરો લુંટતા અને લોકોને જીવતા સળગાવી દેતા હતા. આ બધું મે જોયું છતાં હું રડ્યો નહી. એક દિવસ બાદ અમને ટ્રકમાં ભરીને આ રાહત છાવણીમાં લઈ આવ્યા.હજી પણ હું ના રડ્યો. સ્વયંસેવકોએ છાવણીમાં રહેતા હજારો શરણાર્થીઓ માટે રોટલી બનાવી હતી. થાળીઓ નહોતી. રોટલીઓને નીચે જમીન પર ધુળમાં ફેંકવામાં આવતી હતી.મારા માંબાપ અને કુટુંબીજનો જે ભુખે ટળવળતાં હતાં તેમને મેં બીજા શરણાર્થીઓને ધક્કો મારી આગળ જતાં રહીને ધુળમાં પડેલી રોટલીઓ વીણી લેતાં જોયાં ત્યારે મારાથી ના જ રહેવાયું ને જીંદગીમાં પહેલી વાર હું રડી પડ્યો અને રડવા લાગ્યો “

જીલ્લામાં હું કલેકટર હતા ત્યારે બનેલા એક પ્રસંગની યાદ હજીએ મને સતાવે છે.બાબરી મસ્જીદ ધ્વંશની ઘટના બાદ ફાટી નીકળેલા કોમી રમખાણોમાં જેઓને વેઠવં પડેલું તેમને સહાય કરવાના કામમાં હું વ્યસ્ત હતો.એક દિવસ મારી ઓફીસમાં કપાળે લાલ તિલક લગાવેલ, સંઘ પરિવારનો એક માણસ આવ્યો ને મને કહેવા લાગ્યો: “કલેકટર સાહેબ, અમે બધા જોઈ શકીએ છીએ કે તમે આ લોકોને મદદ કરવા કેટલી બધી જહેમત ઉઠાવો છો.પણ સાહેબ, એ બધું બંધ કરો તો સારુ, તમારે એ ના કરવું જોઈએ. તમે જાણતા નથી પણ સરકાર પાસેથી વળતર (કોમ્પનસેશન) લેવા માટે આ મુસલમાનો પોતેજ પોતાનાં ઘર સળગાવી દે છે “એ વખતે વળતરની (જુજ)રકમ રુ.૨૦૦૦ હતી !

હું તો ગુસ્સે થઈ ગયો. મે તેનો હાથ પકડ્યો ને દરવાજા તરફ લઈ જઈને તેને કહ્યું : “ તું ઘેર જા ને તારુ ઘર સળગાવી દે.પછી મારી પાસે આવ. હું તને મારા પોતાના ખિસ્સામાંથી ૨૦૦૦ રુપીયા આપીશ. “ એ સમજી ગયો ને બળ વાપરી મારો હાથ છોડીને ઘર ભાગતો થયો

( સૌ. આઉટલુક ૨૦-૪-૨૦૧૫)


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫
૯૭૨૩૩૩૨૩૯૬

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**
**સંપર્ક: જહોન એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.